## આવતીકાલનો ઉજાસ



યોગેશ સુભાષભાઈ સિંગલ
ધોરણ-૯,આદર્શ નિવાસી શાળા (અજા કુમાર)

યોગેશ બાળપણથી જ વિવિધ વિષયો પર કાવ્ય રચવાની પ્રતિભા ધરાવે છે. વન સંશોધન સંકુલ ખાતેની પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં પણ તેણે પર્યાવરણ આધારિત એક સુંદર કાવ્યની રચના કરીને તેનું મધુર ગાન પણ કર્યું હતું.

વર્ષભર અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહીને તે અભ્યાસ અને શૉખ વચ્ચેનું સંતુલન સુંદર રીતે જાળવી રાખે છે.

# રાષ્ટ્રિય મહિલા આયોગની હેલ્પલાઈનનું રાજ્યપાલશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન

## હેલ્પલાઈનને અસરકારક બનાવવા સ્ત્રીઓ શિક્ષણને આત્મસાત્ કરે : રાજ્યપાલશ્રી




**ગાંધીનગર, તા. ૩૦**

શિક્ષણ, રોજગારી અને સામાજિક સંગઠનોમાં સ્ત્રીઓની ભાગીદારી સમાજની સંરચનામાં મહત્વપૂર્ણ છે. આજની મહિલા શિક્ષિત, કાબેલ અને આત્મવિશ્વાસુ બનાવવી જોઈએ. સ્ત્રી હેલ્પલાઈનને તો જ અસરકારક બનશે તેમ રાજ્યપાલ ડો.કમલાજીએ રાષ્ટ્રીય મહિલા આયોગના હેલ્પલાઈન ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા શરૂ કરાયેલા ૧૮૦૦ ૨૩૩ ૨૨૨૨૨ સ્ત્રીઓ માટેની હેલ્પલાઈનનું આજે અત્રે ઉદ્‌ઘાટન કરતા દીકરીઓને મજબૂત અને કાર્યદક્ષ તક આપવા જણાવ્યું હતું. સમાજના પારિવારિક કામોમાં જોડાયેલી દીકરીઓને તમામ ક્ષેત્રનું શિક્ષણ આપી સમકક્ષ બનાવીએ ત્યારે હેલ્પલાઈનો ઉપયોગી બને છે. દરેક પેઢીની સ્ત્રીએ શિક્ષણને આત્મસાત કરવું જોઈએ તેમ પેમણે જણાવ્યું હતું. પર ભાર મૂકયો હતો. વિનામૂલ્યે સાતેય દિવસ નિઃશૂલ્ક ટેલિફોન સેવા ૧૮૦૦ ૨૩૩ ૨૨૨૨૨ ને પ્રારંભ કરવાનો ઉદ્દેશ જણાવતા રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષાશ્રી મમતા શર્માએ મહિલાઓએ પોતાની મર્યાદાઓ સાથે અલગ ઓળખ બનાવવા પર ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત અને હરિયાણામાં પ્રાથમિક ધોરણે આ હેલ્પલાઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સરકારે સ્ત્રીઓ માટે અનેક કાયદાઓ બનાવ્યા છે પણ તેની ઝડપી સક્રિયતાની ભૂમિકા અનેક પ્રૌ ઉભા કરે છે. ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ શ્રી લીલાબેન અંકોલિયાએ 'અવાજ' સંસ્થા દ્વારા સંચાલિત રાષ્ટ્રીય મહિલા આયોગની સ્ત્રી હેલ્પલાઈનને આવકારતા તેનો સદુપયોગ કરવા જણાવ્યું હતું. અમદાવાદ વુમન્સ એકશન ગ્રુપ 'અવાજ' દ્વારા રાષ્ટ્રીય મહિલા આયોગના આર્થિક ટેકાથી નિઃશુલ્ક ટેલિફોન સેવા પર બે કાઉન્સીલરો દ્વારા ફોન કરનારને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે એમ 'અવાજ' ના સ્થાપક પ્રો. ઈલાબેન પાઠકે જણાવ્યું હતું. રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્યશ્રી ડો. ચારુવલી ખન્નાએ પ્રાસંગિક પ્રવચનમાં ઘરેલુ હિંસાથી મુક્ત થવા હેલ્પલાઈન મદદરૂપ થશે એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીના વરદ્‌હસ્તે રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા પ્રકાશિત 'પરિત્યક્ત ભારતીય મહિલા પરેશાન એન.આર.આઈ. સે વિવાદ કરકે' પુસ્તકનું વિમોચન થયું હતું. આ પ્રસંગે 'અવાજ' તેમજ વિવિધ મહિલા સંગઠનોની મહિલાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાર્ષિક પરીક્ષા પરિણામ : પ્રેરણા વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | પરમાર પ્રિન્સ મફાભાઈ | ૯૬ |
| | ૨ | સથવારા સંજના ઘનશ્યામભાઈ | ૯૫ |
| | ૩ | રાવલ એશા કીર્તિકુમાર | ૯૫ |
| સિકેજી | ૧ | વાઘેલા નિધિબેન યોગરાજસિંહ | ૯૭ |
| | ૨ | ચૌધરી ધ્રુવલ રામભાઈ | ૯૭ |
| | ૩ | પટણી અર્પિતાબેન હરેશભાઈ | ૯૭ |
| | ૩ | રાવળ ખુશી વામનકુમાર | ૯૬ |
| ૧ | ૧ | પટેલ દિગંત રજનીકાન્ત | ૯૬ |
| | ૨ | બલાત આર્યન પંકજભાઈ | ૯૬ |
| | ૨ | પ્રજાપતિ દૃષ્ટિ ભાવેશકુમાર | ૯૬ |
| | ૩ | ઠાકોર રેણુકા જી | ૯૫ |
| ૨ | ૧ | દૂધરેજીયા ક્રિશ એમ | ૯૫ |
| | ૨ | દરજી પ્રાચી આર | ૯૩ |
| | ૩ | પ્રજાપતિ કિશોર જે | ૯૩ |
| ૩ | ૧ | યાદવ નકુલ સત્યપ્રકાશ | ૯૧ |
| | ૨ | પરમાર ખુશી ભાવેશભાઈ | ૮૬ |
| | ૩ | પરિહાર અંકિત રામમિલન | ૮૩ |
| ૪ | ૧ | વર્મા પ્રથમ કમલેશભાઈ | ૯૨ |
| | ૨ | રાવલ ધૃતિ કમલેશભાઈ | ૯૨ |
| | ૩ | વડેચા હેત્વી રાકેશકુમાર | ૮૧ |
| ૫ | ૧ | પરમાર માર્ગી રાજેશકુમાર | ૯૨ |
| | ૨ | પરમાર જહાન્વી ઘનશ્યામભાઈ | ૯૧ |
| | ૩ | કુરેશી મારિયાબાનુ અલ્લારખા | ૮૭ |
| ૬ | ૧ | પરમાર માહિ રાજેશભાઈ | ૯૬ |
| | ૨ | સોલંકી જયસિંહ ચંપકભાઈ | ૯૨ |
| | ૩ | રાઠોલ હિરલબા વિરેન્દ્રસિંહ | ૯૨ |
| ૭ | ૧ | વર્મા વૈદેહિ કમલેશભાઈ | ૯૫ |
| | ૨ | કાપડિયા નિધિ જયેશભાઈ | ૯૪ |
| | ૩ | લીંબાચિયા હેલી મુકેશભાઈ | ૯૦ |

## શ્રી જે એમ ચૌધરી વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧-અ | ૧ | કટારા હર્ષ પનાભાઈ | ૯૭.૩૩ |
| | ૨ | પોરબંદરી નંદિની મનીષભાઈ | ૯૭.૦૦ |
| | ૩ | ડાકી તેજસ રમણભાઈ | ૯૬.૬૭ |
| ૧-બ | ૧ | પટેલ પ્રિયાંશીકુમારી ધર્મેશભાઈ | ૯૯.૧૭ |
| | ૨ | મોદી પૂજન નિલેશકુમાર | ૯૬.૯૭ |
| | ૩ | પટેલ શ્રુતિ દિનેશભાઈ | ૯૬ |
| ૧-ક | ૧ | શ્રીમાળી રોનક હસમુખભાઈ | ૯૭.૩૩ |
| | ૨ | ભાવસાર જૈનમ શૈલેષકુમાર | ૯૭ |
| | ૨ | પનારા પ્રિયાંશુ ભાવેશકુમાર | ૯૭ |
| | ૩ | પ્રજાપતિ નંદની દર્શનકુમાર | ૯૪.૬૭ |
| ૨-અ | ૧ | જોષી વાણી યતિનભાઈ | ૯૭ |
| | ૨ | દેસાઈ તેજલ ખોડાભાઈ | ૯૫.૩૩ |
| | ૩ | ઠાકોર સુરભિ જિજ્ઞેશભાઈ | ૯૪.૬૭ |
| ૨-બ | ૧ | સોલંકી કરન જિતેન્દ્રકુમાર | ૯૯.૩૩ |
| | ૨ | ચૌધરી આશ્વિ નરેશકુમાર | ૯૮.૬૭ |
| | ૩ | રાવલ દેવાંશી રમેશકુમાર | ૯૭.૩૩ |
| ૩-અ | ૧ | જયસ્વાલ ઉન્નતિ વિજયકુમાર | ૯૫.૫૦ |
| | ૧ | પરમાર મહાવીરસિંહ અમરસિંહ | ૯૫.૫૦ |
| | ૨ | પ્રજાપતિ રીતુબેન હસમુખભાઈ | ૯૧.૫૦ |
| | ૩ | ચૌહાણ કશિશબેન નરેશભાઈ | ૯૦.૫૦ |
| ૩-બ | ૧ | રાવલ શ્રેયા હિરેનકુમાર | ૯૬.૨૫ |
| | ૨ | પંડ્યા ભક્તિબેન કિરીટકુમાર | ૯૪.૫૦ |
| | ૩ | પ્રજાપતિ માનસી અશોકભાઈ | ૯૧.૭૫ |
| ૪-અ | ૧ | પારેખ મેઘા ભાવેશકુમાર | ૯૫.૮૦ |
| | ૨ | ઠાકર પ્રિયાંશુ પ્રકાશભાઈ | ૯૩.૮૦ |
| | ૩ | પરમાર બરખા અશોકકુમાર | ૯૧.૮૦ |
| ૪-બ | ૧ | વાળા ડિમ્પલ ભગતસિંહ | ૯૬.૮૦ |
| | ૨ | શ્રોફ વ્યોમ મુકેશભાઈ | ૯૫.૪૦ |
| | ૩ | દેસાઈ જય અમૃતભાઈ | ૯૩.૬૦ |
| ૫-અ | ૧ | મહેરિયા નિલય હિતેન્દ્રકુમાર | ૯૫.૫૦ |
| | ૨ | ચૌધરી ઋતુબેન મહેન્દ્રભાઈ | ૯૦.૫૦ |
| | ૩ | પનારા રાજર્ષિ ભાવેશકુમાર | ૮૯.૫૦ |
| ૫-બ | ૧ | શુક્લ મૈત્રી પ્રકાશકુમાર | ૯૭.૩૦ |
| | ૨ | પંડ્યા ભક્તિ કૃણાલભાઈ | ૯૬.૧૦ |
| | ૩ | નાડોદા હિમાની બાધુભાઈ | ૯૫.૫૦ |
| ૬-અ | ૧ | પટેલ નિયતિબેન સંજયકુમાર | ૯૭.૫૦ |
| | ૨ | પટેલ નિધિ કિરણભાઈ | ૯૪.૧૭ |
| | ૩ | પ્રજાપતિ કિશન વિષ્ણુભાઈ | ૯૩.૮૩ |
| ૬-બ | ૧ | પટેલ હર્ષ જગદીશભાઈ | ૯૭.૩૩ |
| | ૨ | ચૌધરી શ્રેયાકુમારી દિનેશભાઈ | ૯૬.૧૭ |
| | ૩ | રાણા તિથિબેન હર્ષદકુમાર | ૯૧.૩૩ |
| ૭-અ | ૧ | ચૌધરી ભૂમિ બાબુભાઈ | ૯૬.૬૭ |
| | ૨ | મહેતા કશ્યપ શૈલેષકુમાર | ૯૦.૮૩ |
| | ૩ | રાવળ પ્રિયા નિલેશકુમાર | ૯૦ |
| ૭-બ | ૧ | શાહ પ્રાચી જિજ્ઞેશભાઈ | ૯૫.૮૩ |
| | ૨ | ભાવસાર દિશાંગ રાજેન્દ્રકુમાર | ૯૫.૩૩ |
| | ૩ | દોશી કોમલ નિલેષકુમાર | ૯૪.૬૭ |

## તવ રજ ભરીને રૂદિયે, વંદન મા ગુર્જરી !

અનુપમ અને અનેરી સ્વર્ગીય ધરા છે ગુર્જર,
મધુરી અને સુનહરી સ્વર્ણિમ ધરા છે ગુર્જર.
પાક્યાં ઘણાં પવિતર સંતો અને મહંતો,
રૂડી જ્ઞાન-ભક્તિની આ પાવન ધરા છે ગુર્જર.
દિસે રૂપાળી નદીયું જુઓ ને હલકાળી,
અમિયલ નીર વહેતી પુનિત ધરા છે ગુર્જર.
છે આઈયું કેરા થાનક ઓપે હા ! દિગદિગંતે,
આસ્થા સભર ઘટોઘટ ધરમ આ ભૂમિ છે.
છે બેસણાં પ્રભુનાં સોમનાથ-દ્વારિકામાં,
ભગવાન-ભક્તની ભૈ પ્રેમાળ આ ભૂમિ છે.
ગ્હેકે છે મોરલા ને ડણકે છે શૂરા સાવજ,
હરિયાળી પ્રકૃતિની રળિયાત આ ભૂમિ છે.
સતીયું, શૂર ને દાતાર જન્મ્યાં છે ગામેગામ,
ખાંભી ને પાળિયાની ખમીરાત આ ભૂમિ છે.
છે સૂર અને શબદનાં આરાધકો ઘણેરાં,
સંગીત અરૂ કવનની રંગત આ ગુર્જરી છે.
સુદામા-નરસૈંયો ને સરદાર-ગાંધી જેવા,
લાખેણા માડુઓની આ ભવ્ય ગુર્જરી છે.
શોભે છે બાગ બાવન ફૂલડાંનો આંહી રૂપાળો
અને દેશ ને વિદેશે શિરમોર ગુર્જરી છે.
સારા યે વિશ્વમાં વિલસે છે ગુજ્જુ રૂડાં,
તવ રજ ભરીને રૂદિયે, વંદન મા ગુર્જરી છે.

**- ભરત કવિ 'ઊર્મિલ'**

## ગાંધીનગર

નથી ગઢ કે દરવાજો, છે આ સમયનો તકાજો.
નગર થયું ગાંધીને નામે, વગડે થયો વિસામો.
નદી વહે છે, સાબર ઝરણું, સંત સરોવર છલકે.
સંત સમાગમ સત્સંગ મંડળ, અક્ષરધામ અનેરું.
મોટા પહોળા રસ્તા શોભે, બાગ-બગીચા સર્કલ.
શોભે ધોળા હાથી અહીંયા, નાક વિનાના નેતા.
નથી નાત કે જાત અહીં, છે લોકતણું ગુજરાત.
પ્રજા તંત્રનું પદ સિંહાસન, પાંચ વર્ષની ગાદી.
ગુર્જર ઈજ્જત શહેર વશે, અહીં હશે પ્રભુનો વાસ !

**- દશરથસિંહ ઝાલા**

## સૅ. ૨૬ ખાતે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

**ગાંધીનગર, તા. ૩૦**

કિસાનનગર, સૅક્ટર-૨૬ ખાતે જય માતાજી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રવિવારે મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે આ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત એક સમારોહમાં કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા, જાગૃતિબેન પુરોહિત, જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન વિરેન્દ્રસિંહ વાઘેલા, જુજારસિંહ ચાવડા, મનુભાઈ કે પ્રજાપતિ, ભરતસિંહ ચૌહાણ, રાજુભાઈ પટેલ તથા જયેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચાવડા, ગજેન્દ્રસિંહ વાઘેલા, ધર્મેન્દ્રસિંહ ચંપાવત, પદ્મસિંહ ચૌહાણ તથા ગોપાલક યુવક મંડળ, સૅક્ટર-૨૬ દ્વારા આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૬૪ ટીમોએ ભાગ લીધો છે અને ટુર્નામેન્ટ ૧ માસ ચાલશે. વિજેતા ટીમને રૂા. ૨૧ હજારનું રોકડ ઈનામ તથા ટ્રૉફી એનાયત કરવામાં આવશે.

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ચિલોડા ખાતે નેશનલ રાઉન્ડર્સ ચેમ્પીયનશીપ યોજાઈ

*ગાંધીનગર, તા. ૩૦*

*રાઉન્ડર્સ એસોસીએશન ઓફ ગુજરાત દ્વારા તા. ૨૮ થી ૨૯ એપ્રિલ દરમ્યાન પ્રથમ જુનિયર નેશનલ રાઉન્ડર્સ ચેમ્પીયનશીપનું આયોજન ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા ખાતે કરવામાં આવેલ હતી. આ સ્પર્ધામાં મહારાષ્ટ્ર, વિદર્ભ, કેરાલા, આંધ્ર પ્રદેશ, ગોવા, ઉત્તર પ્રદેશ, દિલ્હી ખાતે ગુજરાત સહિતની ટીમના કુલ ૧૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.*

*સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે રાઉન્ડર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના મંત્રી શ્રી અશોક દુધાર, સંદેશના રમતગમતના પત્રકાર શ્રી ચિંતન બુચ, ગુજરાત બિઝનેશ ક્રિકેટ એસોસીએશનના મંત્રીશ્રી ગૌતમભાઈ શાહ, ગાંધીનગર જિલ્લાના રમતગમત અધિકારીશ્રી અશોકભાઈ રાવલ, રાઉન્ડર્સ એસોસીએશન ગુજરાતના પ્રમુખશ્રી પરેશભાઈ પટેલ, મંત્રીશ્રી દિવ્યેશ ગોહેલ અને ચેરમેનશ્રી ધર્મેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. રાઉન્ડર્સ એસોસીએશન ઈન્ડિયાના મંત્રીશ્રી અશોક દુધારે સ્પર્ધાને ખુલ્લી મુકી હતી. જિલ્લા રમતગમત અધિકારીશ્રી અશોકભાઈ રાવલ, પત્રકારશ્રી ચિંતન બુચ મેદાન પર સ્ટ્રોક મારી ઉદ્‌ઘાટન કર્યું હતું.*

*સ્પર્ધાના આયોજન માટે શ્રી હાર્દિક પરીખ, શ્રી ભરતભાઈસોલંકી, શ્રી નિમિલ જોષી, શ્રી કિર્તી પ્રજાપતિએ ભારે જહેમત ઉઠાવી હતી.*



પહેલી મેંના દિવસે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે મણિનગરના સ્વામીનારાયણ મંદિરમાં ગુજરાતના નકશાને સોનાના ફુલથી સજાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

# જીઆઈપીઅૅસ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

*ગાંધીનગર, તા. ૩૦*

*ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક સાથે ભેગા કરી અભૂતપૂર્વ રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાનું આયોજન કર્યું છે. આ હેતુથી તાજેતરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહમિલન યોજાયું હતું. સ્નેહમિલનમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.*

*શાળાના મેનેજીંગ ડાયરેક્ટર અને પ્રિન્સિપાલે આ પ્રસંગે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના મધ્યાંતરે ડૉ. મનોજ જોશી (આંતરરાષ્ટ્રીય ગાયક અને હાસ્યકાર)એ પોતાની આગવી અદાથી વિદ્યાર્થીઓને મનોરંજન પુરૂ પાડ્યુ હતું. જાણીતા હિન્દી સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટે પણ હાજરી આપી હતી. સંમેલનની ફળશ્રુતિમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક એસોસીએશન બનાવ્યું, જેના પ્રેસીડેન્ટ અને વાઈસપ્રેસીડેન્ટ તરીકે અનુક્રમે ઝીલ દલાલ અને મૃગેનની વરણી કરવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉમંગ, દર્શન, વિમલ, મિલન, રીકીન, સિદ્ધાર્થ, સુનિલ, ગૌરાંગ, જૈમીન, પરિમલ, નિકુલ, નિશિત, અભિનવ, જાન્વી, અવનિ, પૂજા અને જીમીએ એક કોર કમિટી બનાવી હતી. આ કમિટી દ્વારા સમાજલક્ષી અને શિક્ષણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પોતાનો પરિચય અને હાલની પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. તથા શાળાના સંસ્મરણો વાગોળ્યા હતા. સ્નેહમિલન કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્ન તરીકે કલમનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને શાળા પરિવારના કર્મચારી, શિક્ષકો, વિદ્યાર્થીઓએ સફળ બનાવ્યો હતો.*

## ગુજરાત ફેક્ટ ફાઈલ

### ગુજરાત : પુરાતન સંસ્કૃતિ સાથે આધુનિકતાનો સુંદર તાલમેલ

- વર્તમાન ગુજરાતની વાત કરીએ તો ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઈથી અલગ રાજ્ય તરીકે કરવામાં આવી હતી. હાલ ગુજરાતની રાજધાની ગાંધીનગર છે. સમગ્ર રાજ્યની વહીવટી સરળતા માટે ૨૬ જિલ્લા, ૨૨૬ તાલુકા, ૧૮,૬૧૮ ગામો અને ૨૪૨ શહેરો તથા શહેરી વિસ્તારોમાં વહેંચી શકાય. ગુજરાત રાજ્યનો સમગ્ર વિસ્તાર ૧.૯૬ લાખ ચોરસ કિમી છે, જે ભારતના વિસ્તારના ૬.૧૯ ટકા જેટલો છે.
- ગુજરાતની વસતિ ૬,૦૩,૮૩,૬૨૮ છે. ગુજરાત ઉપરાંત ભારતમાં મહારાષ્ટ્ર અને વિદેશમાં અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા સહિત લગભગ ૫૦ લાખ ગુજરાતી ગુજરાત બહાર વસવાટ કરે છે. ગુજરાતની પ્રજા સાહસિક હોઈ મુખ્યત્વે વેપાર અર્થે વિશ્વના ખૂણે ખૂણે ફેલાયેલી છે.
- રાજ્ય સરકાર અને વિવિધ સામાજિક, સ્વૈચ્છિક, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી ચાલી રહી છે ત્યારે એવો સવાલ
- ગુજરાત પાસે ભારતના કોઈપણ રાજ્ય કરતાં સૌથી લાંબો દરિયાકિનારો છે, જે ૧૬૦૫ કિમી લાંબો છે. તેથી જ ભારત મીઠા ઉદ્યોગમાં ભારતમાં મોખરે છે. ભારતના મુખ્ય બે અખાતો - ખંભાતનો અખાત અને કચ્છનો અખાત ગુજરાતમાં છે. ભારતભરમાં સૌપ્રથમ પ્રાઈવેટ પોર્ટની શરૂઆત પણ ગુજરાતમાં કરવામાં આવી છે. હાલમાં પીપાવાવ અને મુંદ્રા પોર્ટ ધમધમે છે. ઉપરાંત, ભારતનું સૌપ્રથમ ફ્રી પોર્ટ (મુક્ત બંદર) કંડલા પણ ગુજરાતમાં છે. ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ બંદરો ગુજરાત રાજ્યમાં છે.
- ઉલ્લેખનીય છે કે ભારતભરમાં ગુજરાતની વસતિ પાંચ ટકા અને ભૌગોલિક ભાગ ૬.૧૯ ટકા હોવા છતાં ગુજરાતનો ફાળો રાષ્ટ્રીય રોકાણમાં ૧૬ ટકા, રાષ્ટ્રીય ખર્ચમાં ૧૦ ટકા, ઍક્સપોર્ટમાં ૧૬ ટકા અને સ્ટોક માર્કેટના માર્કેટ કેપમાં ૩૦ ટકાનો છે.
- ભારતભરના કોઈપણ રાજ્યમાં નથી તેટલા ૧૧ એરપોર્ટ ગુજરાતમાં છે. ઉપરાંત, અમદાવાદમાં તો આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ) કાર્યરત છે.
- વિશ્વભરમાં સૌથી મોટી ગ્રાસરૂટ રીફાઈનરી જામનગર જિલ્લામાં કાર્યરત છે. સુતરાઉ કાપડ સંશોધન માટેની એકમાત્ર સંસ્થા 'અટીરા' પણ ગુજરાતમાં છે. એ જ રીતે આયુર્વેદ યુનિવર્સિટી પણ ભારતમાં માત્ર એક જ રાજ્ય-ગુજરાત (જામનગર)માં છે.
- સિમેન્ટ ઉદ્યોગમાં ગુજરાતનું નામ આગળ પડતું છે અને બોક્સાઈટનું સૌથી વધુ ઉત્પાદન પણ ગુજરાત કરે છે અને ખાદ્યતેલ (સીંગતેલ)ના ઉત્પાદનમાં પણ ગુજરાત મોખરે છે.
- અંકલેશ્વરથી કચ્છ સુધીના પ્રદેશમાં કુદરતી તેલ-ગેસ ગુજરાતમાંથી મળ્યા છે. ભારતમાં ચૉક અને ચૂનાના પથ્થરનું ઉત્પાદન ફક્ત ગુજરાતમાં થાય છે.
- સોડા એશનું ઉત્પાદન તો ભારતના ઉત્પાદનના ૯૫ ટકા જેટલું માત્ર ગુજરાતમાં જ થાય છે.
- એમ્યુઝમેન્ટ પ્રોડક્ટ્સ બનાવતી એશિયાની એકમાત્ર કંપની ગુજરાત (ગાંધીનગર)માં કાર્યરત છે.
- ગુજરાતમાં સ્થિત કચ્છના નાના રણમાં જે મીઠું પાકે છે, એનો સ્વાદ આખો દેશ ચાખે છે. દેશમાં ઉપયોગમાં લેવાતા મીઠાનું ૭૦ ટકા ઉત્પાદન ગુજરાતમાંથી થાય છે.
- ભારતના રાષ્ટ્રપિતા અને વિશ્વ વંદનીય વિભૂતિ એવા ગાંધીજી, અખંડ ભારતના ઘડવૈયા સરદાર પટેલ જેવા અનેક નરરત્નોની જન્મભૂમિ ગુજરાત છે.
- કૃષ્ણની દ્વારિકા નગરી અને આદ્ય શંકરાચાર્ય સ્થાપિત ચાર મઠો પૈકીનો એક શારદાપીઠ ગુજરાતમાં દ્વારિકા ખાતે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદની કર્મભૂમિ ગુજરાત છે.
- ગત સૈકામાં બનાવાયેલી પથ્થરની વાવનું પ્રમાણ ગુજરાતમાં વિશેષ છે. અમદાવાદમાં સ્થિત ઝૂલતા મિનારા અને અમદાવાદની પોળો પણ ઉત્કૃષ્ટ શિલ્પ -સ્થાપત્યનો અદ્‌ભૂત નમૂનો છે.
- શેત્રુંજય પર્વત પર નાનાં મોટાં મળીને અંદાજે ૯૮૦ જૈન મંદિરો ધરાવતું પાવન સ્થળ પાલિતાણા ગુજરાતમાં છે. પાટણના પાદરે ખોદી કાઢવામાં આવેલી અખંડિત ઐતિહાસિક રાણકી વાવ પણ સ્થાપત્યનો સુંદર નમૂનો છે.
- હડપ્પા સંસ્કૃતિને મળતા અવશેષો અહીં લોથલ અને રંગપુરમાં મળ્યા છે. તો ડાયનાસોરના અવશેષો પણ ગુજરાતની જ ભૂમિ પરથી મળી આવ્યા છે. મતલબ કે દુનિયાની સૌથી જૂની માનવ સંસ્કૃતિ અને સૌથી જૂની જીવ સંસ્કૃતિ એમ બંને પ્રકારના અવશેષો આ જ ભૂમિ પરથી મળ્યા છે.

# ગુજરાત એટલે કુદરત, કલા, સંસ્કૃતિ અને વૈભવનો સમન્વય

## પ્રસંગસાર

**- કુંતલ નિમાવત**

આજે જેની સ્થાપનાનો દિવસ આપણે ઉજવી રહ્યા છીએ તે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે, ૧૯૬૦ના રોજ તત્કાલિન મુંબઈ રાજ્યના ૧૭ જિલ્લાઓ લઈને કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્યની પશ્ચિમે અરબી સમુદ્ર ઘૂઘવાય છે, ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર છે. આ ઉપરાંત, પાકિસ્તાન સાથે પણ તેની સરહદ સ્પર્શે છે. ભારત દેશ આઝાદ થયો ત્યારે તેની વસતી ૩૬ કરોડ હતી અને આજે ગુજરાત રાજ્યની વસતી જ ૬,૦૩,૮૩,૬૨૮ જેટલી છે.

સિંધુ અને હડપ્પાની પ્રાચીન સંસ્કૃતિઓના અવશેષો જ્યાં મળ્યા છે તે ભૂમિ છે ગુજરાત, જે પોતાના વ્યાપાર, વાણિજ્ય, વહાણવટા, વિદ્યાભ્યાસ, પરાક્રમ, ભક્તિ, કળા, સાહિત્ય અને સ્થાપત્ય માટે જાણીતી છે. અહીં ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક, સમુદ્ર ગુપ્ત, હર્ષવર્ધન, રુદ્રદમન, વિક્રમાદિત્ય, ધ્રુવસેન, મૈત્રક જેવા સમ્રાટોએ રાજ કર્યું હતું અને ચાવડા, પ્રતિહારી, રાષ્ટ્રકૂટ તથા ચાલુક્ય એટલે કે સોલંકી, વાઘેલા આદિ ગૂર્જર નરપતિઓએ આણ ફેલાવેલી. ચીની પ્રવાસી હુઆનત્સંગની આંખો આ જ ભૂમિનો વિદ્યાભ્યાસ જોઈને અંજાઈ ગઈ હતી. વનરાજ ચાવડાએ પોતાના ભીલ સેનાનીના નામે અણહિલવાડ પાટણ નગર સ્થાપ્યું. આઠમી સદીમાં આરબોએ વલ્લભીપુર લૂંટ્યું અને ઈરાનમાં આરબોના ઈસ્લામી આક્રમણથી નાસીને પારસીઓ ગુજરાતમાં આવી વસ્યા. ચાવડાઓ પછી સોલંકી સુવર્ણયુગમાં મૂળરાજ સોલંકીએ જૂનાગઢ જીત્યું. કચ્છના લાખા ફુલાણીને હરાવી કરી સૌરાષ્ટ્ર, કચ્છને રાજ્યમાં સામેલ કર્યા. તેણે પોતાના પૂર્વજોના નામ પરથી ગૂર્જરદેશ, ગૂર્જરરાષ્ટ્ર, ગૂર્જરરાત્ત અને આજના ગુજરાતનું નામાભિધાન કરી જાતે 'ગુર્જરેશ' ઈલ્કાબ ધારણ કર્યો. એવું કહેવાય છે કે આ ગુજરાતમાં કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી નગર વસાવ્યું જે આજનું અમદાવાદ છે. તેના બાહોશ, મહત્ત્વાકાંક્ષી અને

રચના કરી. સોલંકીકાળમાં ગુજરાતી લિપિ, વ્યાકરણ આદિની રચના થઈ. તેનો ઉલ્લેખ કરીને નર્મદે 'જય જય ગરવી ગુજરાત' નામે રોમહર્ષક કાવ્ય રચ્યું અને કનૈયાલાલ મુનશીએ તેની આસપાસના ઈતિહાસને સાંકળીને ભવ્ય નવલકથાઓ લખી. સોલંકીકાળમાં જ મહંમદ ગઝનીએ સોમનાથ પર હૂમલા કર્યા ને સોમનાથ મંદિરને ધ્વસ્ત કર્યું. સોલંકીઓ બાદ વીરધવલ વાઘેલાના દિવાન વસ્તુપાલ અને તેજપાલે આબુ, ગિરનાર ને શેત્રુંજય ઉપર નયનરમ્ય દેવસ્થાનો ઊભાં કર્યાં. બ્રિટિશ ઈતિહાસકાર કિનલોક ફોર્બ્સે નોંધ્યું છે કે મહંમદ ગઝનીએ સોમનાથનું મંદિર તોડ્યું, અણહિલવાડ પાટણને ભસ્મ કર્યું અને ૫૦ હજાર હિન્દુઓનો શિરચ્છેદ કરી હાહાકાર મચાવ્યો. એક તરફ અણહિલવાડ ભસ્મીભૂત હતું,

પર્વતો છીણી અને હથોડા વડે નવનિર્માણના રવથી રણકી ઊઠ્યા હતા. વાઘેલા વંશના અંતિમ રાજા કર્ણદેવ વાઘેલા 'કરણઘેલા' કહેવાયા જે નામે પંડિત નંદશંકર તુળજાશંકર મહેતાએ એક નવલકથા પણ લખી છે. તેરમી સદીના અંતે અલ્લાઉદ્દીન ખીલજીની ફોજે ગુજરાત જીતી લીધું અને ગૂર્જર રાજપૂત રાજાઓનું શાસન કાયમ માટે નાશ પામ્યું.

આ પહેલાં ગુજરાતના હિન્દુ રાજાઓએ ખંભાત અને ભરૂચમાં મુસ્લિમ વસાહતો સ્થાપવા દઈ મુસ્લિમ વહાણવટીઓને આશ્રય આપ્યો હતો. સિદ્ધરાજના કાળમાં મિસરના એક મુસ્લિમ ધર્મપ્રચારક અબ્દુલ્લાનું ગુજરાતમાં સ્વાગત થયેલું જેણે મુસ્લિમોની 'વ્હોરા' જમાતની સ્થાપના કરી. ખીલજીના હુમલા બાદ દિલ્હીની રાજકીય પરિસ્થિતિ કથળતાં બાગી સૂબા ઝફર શાહે ગુજરાતમાં આઝાદ સલ્તનત બનાવી. તેના દીકરા અહમદ શાહે અહમદાબાદ એટલે કે આજના અમદાવાદ શહેર વસાવ્યું. તેના વારસ મહેમુદ શાહે મહેમદાબાદ વસાવી રાજપૂતોને હરાવ્યા ને દીવ બંદરે થાણું ઊભું કરી ફિરંગીઓને વાર્યા. તેણે ગુજરાતમાં પુનઃ આબાદીની સ્થાપના કરી અને સ્થાપત્ય, કળા આદિનો જમાનો જીવતો કર્યો. એક સમયે પાટણ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનું ધામ હતું, તેની શાળાઓનો જીર્ણોદ્ધાર કરાવી તેણે પાટણને ઈસ્લામી વિદ્યાનું ધામ બનાવ્યું. શાહ ખાનદાનના આખરી સુલતાન બહાદુર શાહને શહેનશાહ અકબરે હંફાવી મુઘલિયા સલ્તનતનો પરચમ લહેરાવ્યો. તેના પૌત્ર શાહજહાંએ ગુજરાતને બાગ-બગીચાઓ અને ઈમારતોથી નયનરમ્યતા બક્ષી. પરંતુ, ત્યારે દિવસે દિવસે મરાઠાઓનો પ્રભાવ ગુજરાતમાં પગપેસારો કરી રહ્યો હતો. શિવાજીએ બે વખત સુરત પર ચડાઈ કરીને મુઘલોને પડકાર્યા હતા. એ ઉપરાંત, અંગ્રેજો, ફિરંગીઓ, ડચ અને વાલંદાઓની હિલચાલ પણ ગુજરાતમાં જોવા મળતી હતી. અંતે, ૧૭૫૮માં મરાઠાઓએ ૧૮૫ વર્ષના મુઘલ શાસન સહિત કુલ ૪૦૦ વર્ષના મુસ્લિમ અમલ બાદ ગુજરાત પોતાને હસ્તક કર્યું. ગુજરાત અને સૌરાષ્ટ્રના પેશ્વાઓ તથા ગાયકવાડો તેમના તાબામાં આવ્યા. દામજી ગાયકવાડે વડોદરાને કેન્દ્ર બનાવી ગુજરાતની ધૂરા સંભાળી. પેશ્વા અને ગાયકવાડોના આંતરવિગ્રહોનો લાભ લઈને જ અંગ્રેજોએ ગુજરાત પડાવી લીધું હતું એવું માનવામાં આવે છે.